# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૭/૦૧/૨૦૨૬ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૨૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૬૪ લીટર દેશી દારૂ, ૩૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૩,૬૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૨૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૨૯/૨૦૨૬**

**નવરંગપુરાઃ** જશ સ/ઓ કમલ ભાટીયા(ઉ.વ.૩૦)(રહે.આર્કસ સ્કાઇ સીટી, શેલા, કલબો–૭ એસ.પી.રીંગ રોડ) એ તા.૨૬/૦૧/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુન/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ બોડીલાઇન ચાર રસ્તા પાસે "બાલાજી હાઇટસ" ખાતે આરોપી (૧) રાજેશકુમાર નટવરલાલ પટેલ (ફાઇનાન્સ કન્સલટન્સ) (રહે.યુનિવર્સ આર્કેડ ગુજરાત હાઇકોર્ટ પાછળ સોલા) (૨) વિનોદ રામધણી પટેલ (રહે.રો હાઉસ બંગ્લોઝ નંબર–૪ ગ્રાઉન્ડ વન ફલોર લોકપ્રિય પાર્ક ભાન્ડુક મુંબઇ) તથા (૩)સ્વપ્નિલ ચંડે (રહે. થાણે મુંબઇ) એ ભેગામળી જશ ભાટીયાને મુંબઈ ખાતેની પ્રોપર્ટી ખરીદ કરવા માટે રૂપિયા ૧૮,૦૦,૦૦૦/– ની સ્ટેમ્પ ડ્યુટી ભરવાનુ જણાવી રૂપિયા મેળવી લઈ, સ્ટેમ્પ ડયુટી ભરેલ નહી હોવા છતાં સ્ટેમ્પ ડ્યુટી ભર્યા અંગેની ખોટી બનાવટી રીસીપ્ટ બનાવી જશ ભાટીયાના વોટ્સએપ પર મોકલી આપતા, જશ ભાટીયાએ રીસીપ્ટની ખરાઈ કરાવતા રીસીપ્ટ બોગસ હોવાનુ જણાઈ આવતા પોલીસ ફરીયાદ કરવાનુ જણાવતા રૂપિયા ૧,૫૦,૦૦૦/– જશ ભાટીયાને પરત કરી બાકી લેણા ૧૬,૫૦,૦૦૦/– આજદીન સુધી પરત નહી આપી જશ ભાટીયા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૧૩૦/૨૦૨૬**

**કારંજઃ** ઈલ્યાસભાઇ સાબીરભાઇ શેખ (રહે. મીરાનગર નબીનગર બેરલ માર્કેટ ની અંદર દાણીલીમડા) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૧/૨૦૨૬ રાતના ૧૧/૩૦ વાગ્યા થી તા.૨૬/૦૧/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ખમાસા ચાર રસ્તા પાસે આવેલ ઈલ્યાસભાઈની "આઇ.એસ.ફેસન" નામની ત્રણ માળની દુકાન નંબર–૩૦૭૭ નો કાચનો દરવાજો તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી રોકડ રૂપિયા ૨,૯૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એચ.ભાટી ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સીટીઃ** નવરંગપુરા ગુલબાઈ ટેકરા પંકજ વિદ્યાલય સામે સુભદ્રાપુરા ખાતે રહેતા કિશોરસિંહ લુણસિંહ રાજપુતની ૧૬ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૨૬/૦૧/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.કુણપરા ચલાવે છે.

**સાબરમતીઃ** સાબરમતી સર્વોતમનગરની પાછળ અતિથિ રેસીડેન્સી ખાતે રહેતા વિનયકુમાર યાદવના ૧૪ વર્ષના પુત્રએ અગમ્ય કારણસર તા.૨૬/૦૧/૨૦૨૬ સાંજના ૪/૪૫ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેને સાબરમતી રેલવે હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ડી.આર.પટેલ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** કનુભાઈ જીણાભાઈ પટણી (ઉ.વ.૩૭)(રહે.એમ.એલ.એ ક્વાટર્સ, અસારવા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૧/૨૦૨૬ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.પી.એરૂણકર ચલાવે છે.

**ખોખરાઃ** પુષ્પરાજ રાજેન્દ્રભાઈ મુદલીયાર (ઉ.વ.૪૫)(રહે.શ્યામલ એપાર્ટમેન્ટ, ચા–વાળા સોસાયટી, મણીયાસા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૧/૨૦૨૬ સાંજના ૪/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રવિણસિંહ સોમાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી